વન અને પર્યાવરણ વિભાગની ડ-૪ અને ડ-૫
શાખાઓ માટે ઉભી કરેલ સેકશન અધિકારીની
હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ FED/WOC/e-file/6/2024/0700/A
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૨૯/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૫/૧૩૦૭/અ
(૩) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧૪/૦૩/૨૪ નો ઠરાવ ક્રમાંક : FED/WOC/e-file/6/2022/3416/A

**ઠરાવ:-**

ઉપર વંચાણે લીધેલ ક્રમ (૧) તા.૨૯/૦૪/૨૦૧૬ ના ઠરાવથી પ્રાથમિક તપાસની કામગીરી માટે (ડ-૪) શાખા અને રોજમદારોના મહેકમ માટે (ડ-૫) નવી શાખાઓની રચના કરવામાં આવેલ અને તે માટે નીચે દર્શાવ્યા મુજબ જગ્યાઓ વંચાણે લીધેલ ક્રમ (૨) આગળ દર્શાવેલ વિભાગના તા. ૧૪/૦૩/૨૦૨૪ના ઠરાવથી ઉક્ત હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી લંબાવવામાં આવેલ હતી.

<u>પ્રાથમિક તપાસ માટે નવી શાખા માટેની જગ્યાઓ(ડ-૪ શાખા)</u>

| ક્રમ | જગ્યાનો હોદ્દો | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | સેકશન અધિકારી | ૧ | રૂ.૯૩૦૦-૩૪,૮૦૦ + ગ્રેડ પે ૪૬૦૦/- |
| ૨ | નાયબ સેકશન અધિકારી | ૨ . | રૂ.૯૩૦૦-૩૪૮૦૦ + ગ્રેડ પે ૪૪૦૦/- |
| ૩ | ઓફિસ આસિસ્ટન્ટ | ૧ | રૂ.૭૮૦૦ + ૨૨૦૦ (ફીકસ પગાર) |

<u>રોજમદારોના મહેકમ માટે નવી શાખા માટેની જગ્યાઓ(ડ-૫ શાખા)</u>

| ક્રમ | જગ્યાનો હોદ્દો | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | સેકશન અધિકારી | ૧ | રૂ.૯૩૦૦-૩૪,૮૦૦ + ગ્રેડ પે ૪૬૦૦/- |
| ૨ | નાયબ સેકશન અધિકારી | ૨ | રૂ.૯૩૦૦-૩૪૮૦૦ + ગ્રેડ પે ૪૪૦૦/- |
| ૩ | ઓફિસ આસિસ્ટન્ટ | ૧ | રૂ.૭૮૦૦ + ૨૨૦૦ (ફીકસ પગાર) |

૨. ઉક્ત બંન્ને શાખાની ઉભી કરેલ જગ્યાઓ પૈકી સેકશન અધિકારીની ૦૨ જગ્યાઓ વધુ એક વર્ષ લંબાવવા માટેની બાબત વિચારણા હેઠળ હતી કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉક્ત બંન્ને નવી ઉભી કરેલ શાખાઓ માટેની સેકશન અધિકારીની ૦૨

હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

૬. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે કરવાના રહેશે.

૭. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૮. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26-06-2023ની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૯. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 Dt.26-06-2023 ની જોગવાઇ મુજબ વિભાગે જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

૩. વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહાકારશ્રીની તા. ૦૧/૦૨/૨૦૨૫ તથા અગ્ર સચિવશ્રીની તા. ૦૩/૦૨/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવન ભાવસાર)

ઉપસચિવ

વન અને પર્યાવરણ વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી. વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી/ખ(૧) શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (વન અને પર્યાવરણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના વર્ગ -૧ ના સર્વે અધિકારીશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી / ઝ(૧) શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રોકડ શાખા (૨ નકલ) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગર વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ.

Signature valid
Signed by.BHAVAN... VSAR
Under Secretary
Date:202... .14
11:22:26 ...